દાખલ તારીખ: ૦૫/૦૧/૨૬
રજુ કર્યા તારીખ:૦૫/૦૧/૨૬

ફેંસલ તારીખ: ૨૧/૦૪/૨૬

सत्यमेव जयते

**મહે.ધનસુરાના જ્યુડી.મેજી. ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં.મુ.ધનસુરા**

**ફો.કેસ નંબર: ૨૪/૨૦૨૬**

**આંક–**

**ફરીયાદી :–** શ્રી સરકાર...

**વિરૂધ્ધ**

**આરોપી :–** **શનાભાઈ ડાહ્યાભાઈ પરમાર**
રહે:મુ.બોરવાઇ તા.ધનસુરા જી.અરવલ્લી.

ગુનો:– પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ)મુજબ...

---

**ફરીયાદ પક્ષે :– વિ.એપીપીશ્રી. ડિ.ડિ.પટેલ.**
**બચાવ પક્ષે :– વિ.વ.શ્રી.વિ.આઈ.ભરવાડ**

---

**–: જજમેન્ટ :–**

**૧.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ તા.૨૬/૦૮/૨૦૨૫ ના રોજ કલાક ૧૯–૦૦ વાગે મોજે બોરવાઈ ગામે વગર પાસ પરમીટે પોતાના ઘર આગળ આવેલ ચોપાડમાં એક પ્લાસ્ટીકના કેનમાં દેશી દારૂ લીટર–૦૨ કિંમત રૂપિયા –૪૦૦/– નો રાખી પ્રોહી. રેઈડ દરમીયાન ઘરે હાજર નહી મળી આવી ગુન્હો કરેલ, જેથી આરોપી વિરુધ્ધ ધનસુરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપવામાં આવતાં તે ફરીયાદના આધારે તપાસ કર્યા બાદ અત્રેની અદાલતમાં ચાર્જસીટ કરવામાં આવેલ છે.

**૨.** હાલનાં આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને બી.એન.એસ.એસ ની કલમ :–૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ છે.ત્યારબાદ **આંક:૦૭** થી તહોમતનામુ ઘડી **આંક:૦૮** થી આરોપીની પ્લી લેતાં આરોપીને તેના પર આરોપવામાં આવેલ ગુન્હા અંગે સમજ આપવામાં આવેલ. ત્યારબાદ આવો ગુન્હો કબુલ છે કે કેમ? તે બાબતે નિવેદન લેતાં આરોપીએ ગુન્હો કરેલ હોવાનો ઈન્કાર કરતાં કેસ ફરીયાદ પક્ષના પુરાવાના તબકકે આવેલ.

**૩.** સદર કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામે નીચે મુજબ નો મૌખિક તેમજ લેખિત દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**મૌખિક પુરાવો:–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ–નિખીલસિંહ ગોરધનસિંહ પરમારનીજુબાની | ૦૯ |
| ૨ | પંચ–રોહીતભાઈ કાળાભાઈ પરમારની જુબાની | ૧૧ |

**–: <u>દસ્તાવેજી પુરાવો</u> :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ | ૧૦ |

**૪.** ઉપરોકત પુરાવા બાદ આ કામે તપાસેલા સ્વતંત્ર પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ ન હોય જેથી બાકીના સાહેદોને તપાસવાથી કેસના ગુણદોષ ઉપર ફરક પડે તેમ ન હોય તેમજ <u>સતીષ મહેરા દિલ્હી એડમીનીસ્ટ્રેટીવ (ક્રાઈમ્સ) ૧૯૯૬ (૩) એસ.સી.પાના નં. ૮૫</u> ના ચુકાદામાં નામદાર કોર્ટે ઠરાવેલ છે. જયારે ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવો ધ્યાને લેતાં અન્ય પુરાવો નોંધવા યોગ્ય અને વ્યાજબી જણાઈ આવતો ન હોય તો તેવા સંજોગોમાં કોર્ટનો વેલ્યુએબલ (કિંમતી) સમય અને નાણાંનો વ્યવ ન થાય તેથી આગળ પુરાવો લેવો જોઈએ નહી. જેથી સદર કામે તમામ સંજોગો ધ્યાને લેતાં અન્ય પુરાવો નોંધવો વ્યાજબી અને યોગ્ય જણાઈ આવતો ન હોઈ ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**૪.** સદર કામે ઉપર મુજબનો પુરાવો નોધાયા બાદ ફરીયાદ પક્ષ ધ્વારા બીજો કોઈ પુરાવો આપવામાં આવેલ નથી અને ફરીયાદપક્ષની મોખિક વિનંતીથી ફરીયાદ પક્ષ નોપુરાવો બંધ કર્યો હતો. સદર કામે આરોપીનુ વીશેષ નીવેદન લેવા જેટલો પુરાવો રેકર્ડ ઉપર આવતો ના હોય આરોપીનુ જેથી આરોપીનુ વીશેષ નીવેદન નોધવામા આવેલ નથી. ત્યારબાદ આ કામે બન્ને પક્ષકારોની મોખીક દલીલો સાંભળવામા આવેલ છે. આ કામે ફરીયાદ પક્ષના મોખીક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ દલીલો પરથી નીચે મુજબના મુદ્દાઓ આ અદાલતના ન્યાયીક નીર્ણય માટે ઉપસ્થીત થયા છ

**૫.** **મુદ્દા નંબર : ૧**

**૧.** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ તા.૨૬/૦૮/૨૦૨૫ ના રોજ કલાક ૧૯–૦૦ વાગે મોજે બોરવાઈ ગામે વગર

પાસ પરમીટે પોતાના ઘર આગળ આવેલ ચોપાડમાં એક પ્લાસ્ટીકના કેનમાં દેશી દારૂ લીટર–૦ર કિંમત રૂપિયા –૪૦૦/– નો રાખી પ્રોહી. રેઈડ દરમીયાન ઘરે હાજર નહી મળી આવી ગુન્હો કરેલ, ૬પ (એ) (એ) મુજબનો ગુન્હો કરેલ છે?

**ર.** શું હુકમ?

**૬. મુદ્દાઓ પરનાં નિર્ણયો.**

મુદ્દા નંબર : ૧ – નકારમાં.

મુદ્દા નંબર : ર – આખરી હુકમ.

**૭. નિર્ણય માટેના કારણો:–**

**મુદ્દા નંબર : ૧ અને ર**

આ કામે **આંક– ૦૯** થી **આંક–૧૧** તપાસવામાં આવેલ પંચ સાહેદો દ્વારા **આંક –૧૦** ના પંચનામામાં સહી કર્યા સિવાય બીજુ કાંઈ જાણતા ન હોવાનું જણાવે છે. ઉપરોકત પંચ સાહેદએ પોલીસે એક કાગળમાં તેઓની સહી કરાવેલી હોવાનુ જણાવી પંચનામાની વિગતો જાણતા ન હોવાનું જણાવે છે, પોલીસે તેઓની હાજરીમા કોઈ દારુ કબજે કરેલ નથી. પોલીસે તેઓની સહી કરાવી હતી પરંતુ કઈ બાબતે સહી કરાવી હતી તે બાબતે તેઓ કશુ જાણતા નથી. આમ પંચ સાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતાં નથી, આમ,આ કામે પણ સ્વતંત્ર એવા પંચ સાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી ત્યારે ફરીયાદ પક્ષના કેસ સંદર્ભે શંકા ઉદભવે છે. **આંક:–૧૦ નું** પંચનામું પંચોની રુબરુ અને હાજરીમાં કરવામાં આવેલ નથી તેમજ સદર પંચો રુબરુ આ કામેનો મુદામાલ કબજે લેવામાં આવેલ છે તેવી હકીકત સદર પંચસાહેદના પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ પોલીસે પંચો રુબરુ કાર્યવાહી અનુસરેલા હોવાનું પુરવાર થતુ નથી કે ફરીયાદપક્ષના કેસની સઘળી હકીકતોને સમર્થન પ્રાપ્ત થતુ નથી.

૮. નામ. ગુજરાત વડી અદાલત ધ્વારા આપવામાં આવેલ ચુકાદાથી પ્રસ્થાપિત સિધ્ધાંતોને ઘ્યાને લેવામાં આવેલ છે.

**2016 (4) GLR 3159 THE STATE OF GUJARAT vs YADVENDRASING SARDAR**

**SURJITSINGH JAT( SHIKH0 & other " In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be trained and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the**

**prosecution case and the case the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper.**

વધુમાં સદર કામે રેકર્ડ ધ્યાને લેતાં આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદો કે જેઓ રૂબરૂ આરોપીના કબજા ભોગવટાના રહેણાક ઘરના પાછળના રુમમા દીવાલને અડીને એક પ્લાસ્ટીકના ના કેન માં દેશી દારૂ **લીટર– ૦૨** નો ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો દારૂ મળી આવેલ હોવાની હકીકત સબબ ફરીયાદ પક્ષનો કેસ છે. તેઓ પોતાની રૂબરૂ સદર પંચનામું થયેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. તે જ રીતે સદર કામે ચાર્જશીટ ધ્યાને લેતાં તેમાં ફરીયાદ પક્ષે સાહેદ તરીકે માત્ર પોલીસ સાહેદોને જ લેવામાં આવેલ છે. વધુમાં આ કામે પકડાયેલ મુદદામાલ દેશી દારૂ હોવા એફ.એસ.એલ.મા મોકલ્યા અંગેનો કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી તેમજ આ કામે પરીક્ષણ થઈ આવેલ એફ.એસ. એલ. પ્રમાણપત્ર રજુ નથી. . તેમજ જે સ્થળેથી મુદ્દામાલ કબજે કરેલ છે તે રહેણાક ઘર આરોપીના કબજા ભોગવટાનુ હોવા બાબતે કોઈ આધાર પુરાવો તપાસ કરનાર અમલદાર ધ્વારા મેળવી આ ગુનાના કામે રજુ કરેલ નથી. તેમજ ફરીયાદ મુજબના રેઈડ વાળા સ્થળે સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતા આવા કોઈ સાહેદોના નીવેદન લીધા હોવાનુ રજુ થયેલા પોલીસ પેપર્સ જોતા જણાતુ નથી. જો આ સદર્ભે નામ. ગુજરાત હાઈકોટનો **દિલીપ સાન્શી – વિરૂધ્ધ – સ્ટેટ ઓફ ગુજરાતનો** ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં ઠરાવેલ છે કે**,**

" **In absence of specified evidence form technical sym FSL and in absence of specific evidence regarding quality and quantity of muddamal; and in the absence of proper evidence by the witness conforming the seizure from the given place, and in the absence of recovering the muddamal from the person of the accused, and in the absence of providing the link and connection of prohibited articles directly with the applicant, is is difficult to confirm the conviction of the person.**"

વધુમા ફરીયાદપક્ષે જે પંચ સાહેદો તપાસેલ છે. તે પંચનામાની વિગતોને લેશમાત્ર સમર્થન આપતાં ન હોઈ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતુ નથી.તે સંજોગોમાં જે મુદ્દમાલ મળેલ છે. આરોપી ના જાત કબ્જા માંથી મળેલ હોવા સંબંધી વાજબી શંકા ઉપસ્થિત થાય છે. <u>સ્ટેટ વિ. રઈજીભાઈ ચતુરભાઈ સોલંકી એ.આઈ.આ.૧૯૬૦ ગુજ.૨૪</u> ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપીત કરવામાં આવેલ છે કે**,“Where the presence of the panchas is obligatroy at the time of search the evidence of the police officer conducting the search must ordinarily be corroborated and that if there is no surch corroboration ,ordinarily , a conclusion shold not rest solely on the uncorroborated testimony of the police officer who conducted the search “ the corroboration that would justify a conviction in cases where it is obligatory to make a search in the presence of panchas is usually the**

**evidence of the panchs at any rate the corroboration must be from a source independent of the police officer who made the search "**

આરોપી વિરુધ્ધ ગેરકાયદેસર દારૂ રાખવાનો કેસ હોવા છતાં પંચોના પુરાવો જોતાં ફરીયાદ પક્ષ આરોપીના કબજા ભોગવટામાંથી દેશી દારૂ મળી આવેલ હોવાથી હકીકત પુરવાર કરી શકેલ નથી. તે તમામ સંજોગો, રેકર્ડ, ફરીયાદમાં આક્ષેપિત બનાવ તેમજ ખરેખર ફરીયાદની ચોકકસ અને તટસ્થ તપાસ થયેલ હોવાની હકીકત પણ શંકાસ્પદ જણાય છે. આમ રેકર્ડ ઉપરની હકીકત મુજબ જયારે ચાર્જશીટ પરનાં પુરાવાના સંજોગોમાં અન્ય સાહેદોને તપાસવાથી કોઈ અર્થ સરે તેમ ન હોય ત્યારે સમયનો વ્યવ થાય તેમ હોય, સમગ્ર પુરાવો તથા કાયદાની જોગવાઈ મધ્યે નજર રાખતાં આરોપી સામેનો કેસ ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરી શકતા ન હોય તેમજ નામ. સર્વોચ્ચ અદાલતને તેના ચુકાદામાં સતીષ મહેરમાં પ્રસ્થાપિત કરેલ છે.

**" When judge is certain that there is no prospect of case ending in conviction time of court should not br wasted for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date."**

૦૯. તદઉપરાંત, **The Gujarat Prohibition (Liquor Samples and Determination of of Quantity Seized Liquor)Rules,2012.Notification issued by the Home Department dated dated 20th August 2012."HOME DEPARTMENT Notification Sachivalaya, Gandhinagar, 8th August, 2012.GUJARAT PROHIBITION ACT,1949** :અંતર્ગત નિયમ–૩ અને નિયમ–૫ ધ્યાનમાં લઈએ તો, તેમાં,

**<u>3 . Collection of Liquor Sample :</u>**

**( 1 ) The sample of liquor shall be collected in the following manner, namely;**

**( a ) The Prohibition Officer or the Police Officer shall take two samples of 200 ml. from a container 01' in Case of more than one container, from each such container containing liquor, in the presence of two witnesses (panchas);**

**(b) in the case of liquor contained in branded bottles, two bottles of each brand shall be taken batch − wise, from the boxes which contain such bottles , in the presence of two witnesses (panchas ) In case of changes in the brand or batch, two bottles of liquor of each such brand shall be taken separately, as sample**

**(2) Out of two samples referred to in sub−rule (1), one sample shall be sent to the Testing Officer and the another sample shall be kept ' in the custody of the officer who has seized the liquor , till the matter is finally decided by the Court and thereafter the sample kept in the custody of the officer shall be destroyed in accordance with the procedure prescribed in this behalf.**

**<u>5. Sample be sent for Analysis.</u>**

**The Prohibition Officer or the Police Officer who has seized the liquor shall send the sample alongwith the advice in Form − A , immediatel y without any loss of time to the Forensic Science Laboratory of the State for detailed analysis report.**

**૧૦..** આમ, ઉપરોકત નોટીફીકેશન ઘ્યાને , વંચાણે લેતા , તેમાં, કેફી પ્રવાહી નું સેમ્પલ એકત્ર કરવા તથા એનાલીસીસ માટે મોકલી આપવા સંબંઘેની જે પ્રક્રિયા દર્શાવવામાં આવેલી છે તે પોલીસ ઓફીસરે અનુસરવાની જ રહેશે તેવો આદેશાત્મક સુચન કરવામાં આવેલ છે. તેમ છતાં, આ કામે પોલીસ દવારા નમૂનાનું સેમ્પલ પૃથ્થકરણ સારુ મોકલાવેલ હોય અને તેનો કોઈ અહેવાલ મેળવેલ હોય અને તેવી કોઈ પ્રક્રિયા અનુસરવામાં આવેલ હોવાની હકીકત ફલીત થતુ જણાઈ આવતુ નથી. ઉપરોકત નિયમોનુસાર કબજે લીઘેલ લીકરનું સેમ્પલ એકત્ર કરી તેના પૃથ્થકરણ અંગેની કાર્યવાહી અનુસરવા સંબંઘેના નિયમોનુ પણ પાલન કરવામાં આવેલ હોવાનું ફલીત થતુ નથી.

૧૩.. સમગ્રપણે, આ કામના તમામ પોલીસ પેપર્સ તેમજ પુરાવો લક્ષમાં લેતાં આ કામે એકમાત્ર સ્વતંત્ર સાહેદો પંચોએ ફરિયાદપક્ષની હકીકતોને સમર્થન આપેલ નથી. અન્ય સાહેદોએ પોલીસ વિટનેસ છે. આમ, એકમાત્ર પોલીસ વિટનેસની જુબાનીના આધારે આરોપીને ગુન્હામાં તકસીરવાન ઠરાવી શકાય નહિ, જેથી આરોપી વિરુઘ્ઘ આક્ષેપીત ગુન્હો આચરવામાં આવેલ હોવાની હકીકત સ્પષ્ટ,નિ:શંક,સ્વતંત્ર અને અસંદિગ્ઘ અને વિશ્વશનીય પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

૧૪.. આમ, સદર કેસમાં ફરીયાદ પક્ષ નિ:શંકપણે આરોપી વિરુઘ્ઘનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, . મુદાનં. ૧ ''નકારમાં' નિર્ણીત કરી , મુદા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો 'આખરી હુકમ' કરવામાં આવે છે.

## −:: આ ખ રી હુ ક મ ::−

આ કામના આરોપી: **શનાભાઈ ડાહ્યાભાઈ પરમાર** રહે:બોરવાઈ તા.ઘનસુરા જી.અરવલ્લીનાઓને બી.એ.એન.એસ.એસ.ની કલમ−૨૭૧(૧) ઘી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ−૬૫(એ)(એ) મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. અપીલ સમય વિત્યા બાદ, આ કામે કબજે લેવામાં આવેલ પ્રોહી મુદામાલનો નિયમાનુસાર નાશ કરી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

બી.એન.એસ.એસની કલમ– ૪૮૧ મુજબ આરોપીએ અપીલ સમય સુધીના રૂા.૫૦૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર પુરાના જામીન તથા તેટલી જ રકમ ના જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ તા.૨૧મી, માહે : એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૨૧/૦૪/૨૦૨૬
સ્થળ : ધનસુરા

(કુ.સબા સૈયદ)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ધનસુરા
કોડ નં.જી.જે.૦૧૫૭૮

(જે.એમ.પરમાર)
સ્ટેનોગ્રાફર